# સમાચાર સંચય

❂ **જૂનાગઢ :** અત્રેના બરછીના સક્રીય પ્રતિનિધિ જ્ઞાતિના દરેક કાર્યોમાં સતત પ્રવૃત્ત શ્રી વિમલભાઈ આર. વોરા યુનીયન બેંક ઓફ ઈન્ડીયાના રીટાયર એમ્પ્લોયીઝ એશોસીએશન ગુજરાતની બેઠકમાં સેક્રેટરી તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા. ઉપરાંત અખીલ ભારતીય યુનીયન બેન્ક રીટાયર ફેડરેશન કોચી (કેરાલા) ખાતે યોજાયેલ અધિવેશનમાં સેન્ટ્રલ કમિટિમાં સભ્ય તરીકે ચૂંટાયા. નિવૃત્તી બાદ સક્રીય રહેલ વિમલભાઈને અભિનંદન સહ શુભેચ્છા.

❂ શ્રી મોરારીબાપુ દ્વારા દર વર્ષે અસ્મિતાપર્વનું આયોજન કરવામાં આવે છે. જેમાં ખ્યાતનામ અને સિધ્ધહસ્ત કલાકારોને નિમંત્રીત કરવામાં આવે છે. તા. ૨૯/૩ના રોજ યોજાયેલ અસ્મિતાપર્વ-૧૩માં અત્રેના જાણીતા રેડીયોલોજીસ્ટ અને જ્ઞાતિ તબીબી સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાયેલા ડો. ઉર્વીશ વસાવડાને પોતાના કાવ્યપઠનનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. તેઓ એક અચ્છા કવિ અને ગઝલકાર પણ છે. આ ઋજૂ કવિએ કાવ્ય અને ગઝલના બે સંગ્રહ દ્વારા 'પીંછાનું ઘર' બાંધી 'ટહૂકાનાં વન'નું સર્જન પણ કરેલ છે. ડોકટર પણ સંવેદનશીલ હોઇ શકે છે તેની પ્રતિતી કરનાર અને કરાવનાર ડો. ઉર્વીશને અભિનંદન સહ સર્જક તરીકે વિકસતા રહે તેવી શુભકામના પાઠીએ.

❂ છેલ્લાં પાંચેક વર્ષથી વિવિધ ટીવી ચેનલોની ઘણી શ્રેણીઓ (સીરીયલ)માં અભિનયના ઓજસ પાથરી રહેલ કુ. શીતલ શરદભાઈ અંતાણી ટૂંક સમયમાં 'સહારા વન'ઉપરથી રજૂ થનાર સીરીયલ 'શોર'માં સુશીલાના પાત્રના રૂપમાં પોતાનો અભિનય આપશે.

❂ **રાજકોટ :** જ્ઞાતિના લાડીલા સહૃદયી સંગીતકાર, કલાકાર સ્વરસ્થ ભદ્રાયુ ધોળકિયાની સ્મૃતિને ચિરંજીવ રાખવાના ભાગરૂપે રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા તા. ૨૭/૫/૧૦ના રોજ ભકત કવિ નરસિંહ મહેતા જયંતિના રોજ રાજકોટના એક રાજમાર્ગને 'ભદ્રાયુ ધોળકિયા માર્ગ' નામાધિમાન કરવાનું નકકી કરવામાં આવેલ છે. કાર્યક્રમના સ્થળ-સમય માટે તા. ૨૦/૫ પછીના દૈનિકોમાં 'પ્રેસનોટ' જોતા રહેશો.

❂ દર વર્ષ મુજબ શ્રી રાજકોટ સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ટ્રસ્ટ દ્વારા લોઅર કે.જી.થી ધો. ૪ સુધી ++ અથવા ૯૦% ધો. ૫થી ૯ ૮૫% તથા ગુજરાત બોર્ડ માંથી ધોરણ ૧૦-૧૨ માં ચાલુ વર્ષે ૮૦ % કે તેથી વધુ ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર સ્થાનિક તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત માનસિક/શારિરીક ક્ષતિ ધરાવતા કોઈપણ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અર્થે ટકાવારીના બાધ વગર પુરસ્કૃત કરવામાં આવશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓને માર્કશીટની ખરી નકલ નામ સરનામા અને ફોન નંબર સાથે તા. ૩૧-૮-૧૦ સુધીમાં શ્રી એમ. આર. વૈશ્નવ, આશિષ, ૧- અમરનાથ પ્લોટ, મહીલા કોલેજ પાસે, અથવા શ્રી એન. જે. વૈદ્ય કૃતિ, ૧૧ સુભાષનગર રૈયા રોડને પહોંચતી કરવા વિનંતી છે.

❂ અંતાણી પરિવારના વંશવૃક્ષ(આંબો)ને અદ્યતન રૂપમાં રજૂ કરવાના આશયથી દેશવિદેશના અંતાણી પરિવારના સદસ્યોને તેમના પરિવાર, સંતાનોની સંપૂર્ણ વિગત(નામ, સરનામુ, સંપર્ક નંબર, લગ્નવિષયક વિગત, અભ્યાસ, વ્યયસાય, અવસાન વિ.)શ્રી નીલકંઠભાઈ અંતાણી- શિવાનંદ મિશન કોમ્પ્લેક્ષ, વીરનગર-૩૬૦ ૦૬૦ જી. રાજકોટ-ને મોકલી આપવા અથવા તેઓનો ૯૮૨૪૦ ૯૯૬૫૯

યોગ્ય નથી કહી તરછોડવું સહેલું છે પણ તેને યોગ્ય બનાવી સ્વીકારવું અઘરૂં છે.

ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

✪ રાજકોટ સીટી કલબ દ્વારા તાજેતરમાં યોજાયેલ ઓપન રાજકોટ બાળ તંદુરસ્તી હરિફાઈ-૨૦૧૦માં ચિ. વેનીષા ભાવેશ દેસાઈ (૨ વર્ષ ૮ માસ)એ સર્વશ્રેષ્ઠ દાંત અને હાસ્ય કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

✪ મિહિર કૌશિકકુમાર છાયાએ ગુજરાત મા. શિષ્યવૃત્તી પરીક્ષા ઉચ્ચ ક્રમે પસાર કરી મેરીટ સ્કોલરશીપ મેળવી. તેઓએ રામાનુજન્ મેથ્સ ઓલિમ્પીયાડમાં સફળતા મેળવી રાજ્યકક્ષાએ પારિતોષીક મેળવ્યું. તેમની ગણિત વિષયની તાલિમ માટે રાજકોટની શાળાઓમાંથી પસંદગી થઈ.

✪ ગતાંકમાં મંગલ મેરેજ બ્યુરોની જા. ખ.માં છપાયેલ બેંક ઓફ બરોડા A/c. No.03620101 0009562 તથા email ID mamtadhebar@yahoo.in આ બંનેમાં ભૂલ રહી ગયેલ જે સુધારાની નોંધ લેશો.

✪ **ઓસ્ટ્રેલીયા :** દર વર્ષ મુજબ ઈષ્ટદેવના પ્રાકયોત્સવની ઉજવણી ઓસ્ટ્રેલીયાના નાગરોએ કરી. રાજકોટના મેલબોર્ન સ્થિત શ્રી દિપક કનકભાઈ મંકોડીએ આ વર્ષે પણ ઇમેઇલ દ્વારા જેનો ટૂંકમાં અહેવાલ લખી મોકલેલ છે...વાંચો તેઓના જ શબ્દોમાં...It was a hugh success as there were approx 75 Hatkesh bandhus and Bhaginis attended with their families in each cities. Traditional poojas, Hatkeshwar Strotra recitals were followed by Mahaprasad and cultural programme were the highlights of the Hatkesh Jayanti.

✪ **ગાંધીનગર :** શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા શ્રી હાટકેશ્વર દાદાનો પાટોત્સવ તા. ૪-૪-૧૦ રવિવારના રોજ ઉલ્લાસભેર ઉજવવામાં આવ્યો. સવારે ૮:૩૦ વાગ્યે સર્વશ્રી મિતુલભાઈ છાયા દંપતી, કશ્યપભાઈ મહેતા તથા પુત્રી કુ. મુદ્રીકા મહેતા, શ્રી પરેશભાઈ દેસાઈ, શ્રી દિવેટીયા દંપતી,શ્રી અંશુમાન બુચ દંપતી અને મુકેશભાઈ શુકલ દંપતીના યજમાન પદે લઘુરૂદ્ર યોજાયેલ. બીડું હોમાયા બાદ સૌએ ફરાળ લીધેલ.

✪ સાંજે ૭ વાગ્યે શ્રી હાટકેશ્વરાષ્ટકમના ગાન બાદ ટેબલ ખુરશીની પંગતમાં ૪૫૦ જ્ઞાતિજનોએ ભોજન પ્રસાદ લીધેલ. મંડળના કારોબારી સભ્યો અને પિરસનાર નાના મોટાં સહુએ પરંપરાગત અબોટીયું પહેરીને પાટોત્સવની શોભા વધારી હતી. કારોબારી સભ્યો તથા અન્ય બંધુઓએ પાટોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

✪ **વલ્લભવિદ્યાનગર :** આ વર્ષે સ્વ. વડીલ નીરંજનાબેન મહેતાના સ્મરણાર્થે તેમનાં ટ્રસ્ટ ફંડ માંથી આઈસ્ક્રીમ,બટેટા,પુરીની પ્રસાદી સાથે પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ જ દિવસે રાખવામાં આવેલ વાર્ષિક સામાન્ય સભામાં શ્રી કિરણભાઈ ઓઝાની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

✪ **મહુવા :** તા . ૨૯/૩ના રોજ પાટોત્સવ નિમિત્તે અત્રેના મંદિરમાં શ્રી અતુલભાઈ મહેતા દંપતીના યજમાન પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ. અત્રેના શ્રી મહેશભાઈ દેસાઈના રૂા. ૨૫ હજાર તથા શ્રી કુમુદભાઈ દેસાઈના રૂા. ૧૦ હજારના તથા અન્ય અનુદાનોથી 'પાટોત્સવ ફંડ' ઉભું કરેલ છે. જે બદલ જૂના તથા આ નવા દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેનું સંચાલન શ્રી કિરીટભાઈ દેસાઈએ કરેલ. ટ્રસ્ટીઓએ આભારની લાગણી વ્યકત કરેલ. અંતમાં

રસપુરી,પંજાબી શાકનું ભોજન લઈ સૌ વિખરાયા હતા.

**મુંબઈ :** શ્રી હાટકેશ નાગર મંડળના ઉપક્રમે હાટકેશ જયંતિ નિમિત્તે તા. ૨૯/૩ના રોજ રૂદ્રાભિષેક કરવામાં આવેલ. જેમાં શ્રી પર્યંકભાઈ મહેતાએ પૂજનનો લાભ લીધેલ. લગભગ ૫૦ ભાવિકોનું પ્રસાદ તથા ઠંડાપીણાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તા. ૧૬/૪ના રોજ બિલખાના જાણીતા આખ્યાનકાર શ્રી આપાબાપુ અને સાથીદારો દ્વારા નાગર નરસૈયાના આખ્યાનના અમૃતથાળ માણ્યા બાદ લગભગ ૧૬૦ બંધુઓ રસપુરી-કટલેશ સમેતનો રસથાળ આરોગી છૂટા પડેલ. સર્વશ્રી ઉપેન્દ્રભાઈ વછરાજાની, પર્યંક ભાઈ મહેતા, જ્યોતિષભાઈ જોશીપુરા, નરેશભાઈ દેસાઈ, અશોકભાઈ બક્ષી તથા મંત્રી શ્રી કંદર્પભાઈ માન્કરની જહેમતથી કાર્યક્રમ સફળ બની રહયો હતો.

**વડોદરા :** શ્રી કચ્છી નાગર મંડળ દ્વારા તા. ૨૭/૩/૧૦ના રોજ શ્રી બળવંતરાય મહેતા નિસર્ગો પચાર કેન્દ્ર, કારેલીબાગ ખાતે ઈષ્ટદેવ હાટકેશ દાદાનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો. પ્રારંભમાં ૨૦૦થી વધુ જ્ઞાતિજનોની હાજરીમાં નવદંપતી હેમંત તથા તન્વી અંતાણીના યજમાન પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ.સામુહિક શિવ મહીમ્ન,સ્તોત્રોથી વાતાવરણ ભકિતમય થયેલ. પાટોત્સવના પ્રસાદના લાડુના ખર્ચનું સૌજન્ય શ્રી કિરીટભાઈ તથા જયશ્રીબેન ધોળકિયાએ દાખવેલ. કાર્યકરોનો ઉત્સાહ અને જ્ઞાતિજનોના ઉદાર હાથના અનુદાનથી આયોજન સફળ રહેલ.

શ્રી મંડળની શૈક્ષણિક પ્રવૃતિના ભાગરૂપે શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. મંડળ દ્વારા આપવામાં આવતાં આ પારિતોષીકો માટે '૧૦માં લેવાયેલ વાર્ષિક કસોટીની ગુણપત્રકની નકલ શ્રી જગદીશભાઈ માંકડ, ૩૧ વ્રજધામ સોસાયટી, અક્ષર રોડ, જૂના પાદરા રોડ, વડોદરા ખાતે તા. ૧૫ ઓગષ્ટ પહેલાં પહોંચતી કરવાની રહેશે.

વડોદરા સ્થિત માત્ર કચ્છી નાગર/નાગર બ્રાહ્મણ પરિવારના ધો. ૧૦ તથા ધો. ૧૨ના સામાન્ય/ વિ.પ્ર. ના વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦માં લેવાયેલ પરીક્ષાની ગુણપત્રકની નકલ સ્વ. શ્રી મગનલાલ અંતાણી સ્મારક ફંડ, ડો. છબીલદાસ સોમજી ધોળકિયા સ્મારક તથા શ્રીમતિ ઈન્દુમતીબેન છબીલદાસ ધોળકિયા સ્મારક પારિતોષીકો તથા શ્રીમતી સંતોકબેન મો. સ્વાદિયા ટ્રસ્ટ ગ્રેજ્યુએટ-પોસ્ટ ગ્રેજ્યુએટ ૬૦%થી વધારે ગુણ સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે તા. ૩૧ જૂલાઈ-૧૦ સુધીમાં શ્રી દુષ્યંત એમ. અંતાણી શ્રમદીપ, ૧૪/એ, ભવાની સોસાયટી,પાણીની ટાંકી સામે, કારેલીબાગ, વડોદરા-૨૨ ખાતે મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

**જામનગર :** રૂચિર હેમેન્દ્રભાઈ છાયા એચડીએફસી. બેંકમાં રાજકોટથી જામનગર બઢતી સાથે બદલાયા.

અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી સંસ્થા શ્રી નવક્રાન્તિ યુવક મંડળ દ્વારા તેના ૨૫ વર્ષની ઉજવણી પ્રસંગે સંસ્થા સાથે સંકળાયેલ શ્રી મનીષ યદુનંદનભાઈ બુચનું સન્માન કરાયું.

શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટ જામનગરની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૯/૫ના રોજ હાટકેશ હોલમાં પ્રમુખશ્રી અંબરીશભાઈ જથ્થલના અધ્યક્ષસ્થાને યોજાય ગઈ.વાર્ષિક હિસાબો, અંદાજપત્ર, ઓડીટરની નિમણુંકને બહાલી અપાયા બાદ ડો. આર.ટી. મહેતાના અધ્યક્ષપદે સ્વાસ્થ્યને લગતી બે પુસ્તિકા 'હૃદયરોગ' તથા 'આરોગ્યની આસપાસ'નું સભ્યોને વિતરણ કરવામાં આવેલ.તેઓએ સ્વાસ્થ્ય સંબંધી તથા પુસ્તિકા સંદર્ભે સરળશૈલીમાં વકતવ્ય આપેલ. અંતમાં ૨૦૦ જેટલા

સભ્યો/દાતાઓએ રાષ્ટ્રગીતના સમૂહગાન બાદ સમૂહભોજનનો લાભ લીધેલ.

❂ ટૂંક સમય પહેલાં જ્વાળામુખી માતાજી મંદિર સમિતિની સામાન્ય સભા મળેલ જેમાં નીચે મુજબના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. શ્રી વી. આઈ. માંકડ –પ્રમુખ,શ્રી વિભાકર એસ. માંકડ-ઉપપ્રમુખ, શ્રી રમેશ એસ. માંકડ-મંત્રી, શ્રી હેમેન્દ્ર એમ. માંકડ-ખજાનચી, શ્રી ધીરુભાઈ માંકડ- સભ્ય તથા શ્રી નિતાંત બી. માંકડ તથા પાર્થિવ ડી. માંકડ કો-ઓપ્ટ કરવામાં આવ્યા. હાલમાં જે ફીક્સ ડીપોઝીટ છે તેમાંથી મંદિરનો નિભાવ કરવામાં આવે છે. વ્યાજના દરો ઘટતાં આ ખર્ચને પહોંચી વળવા દરેક માંકડ કુટુંબ તરફથી રૂા. ૧૦૦૧/-(એક સાથે કે બે ભાગમાં પણ) અનુદાન આપવામાં આવે તો ખર્ચને પહોંચી શકાય તેમજ થોડું ભંડોળ પણ ઉભું થઈ શકે. આપ દેના બેંકના ખાતા નંબર ૦૫૫૭૧૦૦૦૧૧૧૯ 'શ્રી જ્વાળામુખી માતાજી મંદિર'ના નામે ચેક કે રોકડા સીધા જમા કરાવી શકો છો. અને કાઉન્ટરની ઝેરોક્ષ શ્રી હેમેન્દ્ર માંકડ, ૯ શિવરંજની એપાર્ટમેન્ટ, પેલેસ રોડ, જામનગરને મોકલી આપવા વિ. છે. જો દર્શનાર્થે રૂબરૂ આવો અને પૂજારીને રોકડ રકમ, ચૂંદડી છતર કે ભેટ આપો તો તેમની પાસેથી તુરત પહોંચ મેળવી લેવા વિ. છે.

❂ **સિહોર :** અત્રેના સ્વ. ડો. શરદભાઈ પી. દેસાઈની પૂણ્યસ્મૃતિમાં શ્રીમતી અર્ચનાબેન એસ. દેસાઈના સૌજન્યથી 'ગાયનેક પેડીયાટ્રીક તથા ઓર્થોપેડીક કેમ્પ' વિનામૂલ્યે યોજવામાં આવ્યો.

❂ **અંબુજાનગર :** ચિ. ફાલન દીપેનભાઈ વછરાજાની (ધો. ૮)એ મેથેમેટીકસ ઈન્ટરનેશનલ ઓલિમ્પીયાડમાં પ્રથમ વર્ગમાં તથા ઈંગ્લીશ ઓલિમ્પીયાડ-૨૦૦૯માં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા.

❂ **અમદાવાદ :** મૂળ જૂનાગઢના વેસ્ટર્ન રેલ્વે વર્ગ-૧ના નિવૃત્ત અધિકારી સ્વ. ચંદ્રકાન્તભાઈ શાં. બક્ષી તથા સ્વ. પ્રતિમાબેન ચં. બક્ષીના સ્મર્ણાર્થે તેઓના પરિવારજનો તરફથી અત્રેના શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળને જ્ઞાતિ ગૌરવ એવોર્ડ આપવા અંગે અનુદાન આપવામાં આવેલ છે. કોઈપણ ક્ષેત્રમાં જ્ઞાતિનું નામ રોશન કરનાર જ્ઞાતિબંધુને આ અવોર્ડ આપવામાં આવશે. તથા જ્ઞાતિની ખામી-ખૂબીઓનું વિહંગાલોકન કરવા નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે.

❂ રક્ષિત મૌલિન કચ્છી CAT-2009 માં ઉત્તીર્ણ થયા અને IIM બેંગલોરમાં પ્રવેશ મેળવ્યો.

❂ **વડોદરા :** સ્થિત નાગર/નાગર બ્રાહ્મણ પરિવારના ધો.૧ થી ૧૦ તથા ધો. ૧૨ના સામાન્ય/વિ.પ્ર. ના વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯માં લેવાયેલ પરીક્ષાની ગુણપત્રકની નકલ સ્વ. શ્રી મગનલાલ અંતાણી સ્મારક ફંડ, ડો. છબીલદાસ સોમજી ધોળકિયા સ્મારક તથા શ્રીમતિ ઈન્દુમતીબેન છબીલદાસ ધોળકિયા સ્મારક પારિતોષીકો માટે તા. ૩૧ જૂલાઈ-૧૦ સુધીમાં શ્રી દુષ્યંત એમ. અંતાણી શ્રમદીપ, ૧૪/એ, ભવાની સોસાયટી,પાણીની ટાંકી સામે, કારેલીબાગ, વડોદરા-૨૨ ખાતે મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

❂ અત્રે તાજેતરમાં નગર રાજભાષા કાર્યાન્વિત સમિતિ (ભારત સરકાર) દ્વારાસંગીત-ગાયન ક્ષેત્રે અપ્રતિમ સિદ્ધિ મેળવેલ આઠ સન્નારીઓને સન્માનિત કરવામાં આવ્યાં. જેમાંનાં એક તર્જની વૃંદના સ્થાપક શ્રીમતી આરતી તારકભાઈ જોષીપુરાનું શાલ ઓઢાડી પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતું. શ્રીમતી આરતીબેન જૂનાગઢના સ્વ. ઉછરંગલાલ તથા સ્વ. હરીચ્છાબેન બુચના દોહિત્રી થાય.

❂ કુ. તર્જની તારક જોષીપુરાએ એલેમ્બીક વિદ્યાલય આયોજીત દેશભકિતના ગીતોની સંગીત સ્પર્ધામાં સતત ત્રીજા વર્ષે પ્રથમ સ્થાન મેળવી શીલ્ડ મેળવ્યો.

આંખ એ માનવીને માપવાની પારાશીશી છે.

❂ અત્રેના ચિ. વારિણી તારક જોષીપુરાને કલાસારથી આર્ટ ફાઉન્ડેશનના ઉપક્રમે આઠમા નેશનલ એકઝીબીશન ઓફ ચિલ્ડ્રન આર્ટસમાં રાષ્ટ્રિય સ્તરે પ્રથમ સ્થાન મેળવવા બદલ 'પ્રાઇડ ઓફ ઈન્ડીયા'નો એવોર્ડ એનાયત થયો.

❂ અત્રે ગુજરાત રીફાઈનરીમાં એન્જીનીયર તરીકે ફરજ બજાવતા શ્રી રાજેશ જયેન્દ્રભાઈ ખારોડને આસી. જનરલ મેનેજર તરીકે બઢતી મળી.

❂ અત્રેના કૃષિત વાલ્મીકભાઈ બુચ(ધો.૩)એ તાજેતરમાં લેવાયેલ આંતરરાષ્ટ્રીય મેથેમેટીક ઓલિમ્પીયાડ માં સફળતા મેળવી સૂવર્ણચંદ્રક મેળવ્યો.

## ઉત્કર્ષ દેસાઈ - બી. ઈ. (આઇ.સી)માં ઉત્તીર્ણ



બરછી પ્રતિનિધી તરીકે વર્ષોથી સેવા આપતા ઉનાના જાણીતા એડવોકેટ શ્રી થિયુકેશભાઈ આર. દેસાઈ અને એલ.આઇ.સી. એજન્ટ શ્રીમતી સીમાબેન દેસાઈના પુત્ર ઉત્કર્ષ દેસાઈ એપ્રિલ-૨૦૧૦માં લેવાયેલ બી.ઇ. (આઇસી)ની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન (૭૫% )સાથે ઉત્તીર્ણ થયા. તેઓએ નડીયાદની ધરમશી દેસાઈ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ (DDIT) માં અભ્યાસના સતત ચાર વર્ષ દરમ્યાન પ્રથમ વર્ગ જાળવી રાખી આ પદવી મેળવી. બરછી પરિવાર સહીત સૌના અભિનંદન સહ શુભકામના.

## જોઈએ છે : કન્યા



તાજેતરમાં જીપીએસસી દ્વારા લેવાયેલ વર્ગ-૧-૨ની પરીક્ષામાં સફળ થયેલ ચિંતન વૈશ્નવ માટે યોગ્ય કન્યારત્ન જોઈએ છે. નીચેની વિગતે સંપર્ક કરવો...

નામ : **ચિંતન વૈશ્નવ**

જન્મતારીખ : **૧૧-૯-૧૯૮૪**

અભ્યાસ : **B.Sc.,M.Ed.,PGDCA, CTE**

વ્યવસાય : કલાસ-૨ અધિકારી - (મામલતદાર/ ટીડીઓ)

**સંપર્ક :** 94262 25898
94269 33463

e mail : hob_11984@yahoo.in

**કન્યા માટેની અપેક્ષિત લાયકાત :**

વજન : ૫૫ કેજીથી વધુ નહિં

ઉંચાઈ : ૫'.૨"થી ૫'.૬"

અભ્યાસ : ગ્રેજ્યુએટ કે તેથી વધુ

## પરિણામો ----------------

**એમ.સી.એ.** ( સેમે. ૩ )
સ્નેહલ વિજેશકુમાર વૈશ્નવ-પ્રથમ વર્ગ જૂનાગઢ

**બી.સી.એ.**
જલ્વીન કિરાતભાઈ વોરા પ્રથમ વર્ગ ભાવનગર

**બી.ઈ.** (ઇસી) સેમે. - ૫
કુ. આકાંક્ષા કાર્તિકભાઈ બુચ ૭૧% અમદાવાદ

**બી.ઈ.** (આઈટી) સેમે. - ૫
ભાર્ગવ હરેશભાઈ ખારોડ ડીસ્ટીંગ્શન જામનગર

**એસ.વાય.બી.બી.એ.**
હીતાક્ષી રાકેશ હાથી પ્રથમ વર્ગ ભાવનગર
ધૈર્ય કિરણભાઈ છાયા પ્રથમ વર્ગ રાજકોટ

**ટી.વાય.બી.કોમ.**
સ્તુતિ હર્ષવદન ઢેબર ૭૨% જામખંભાળીયા

**ટી.વાય.બી.એસસી.**
પ્રતીક બંકિમભાઈ ધોળકિયા ૭૪% રાજકોટ.

**બેચલર ઓફ માસમિડીયા**
કુ. ભાષા પ્રદીપ વૈશ્નવ પ્રથમ વર્ગ મુંબઈ

**એમ.એસ.સી. (આઇટી)**
કુ. ધારણા રાજેન્દ્ર ઓઝા પ્રથમ વર્ગ પોરબંદર

સંકલિત સુવાકયો : શ્રીમતી કોકીલા જ. બુચ, રાજકોટ.

એવા માણસથી બચતા રહેજો જેનો ભગવાન આકાશમાં રહેતો હોય

# વડોદરા ખાતે યોજાયું હાટકેશ વ્યાયામ સંઘનું ચોથું સંમેલન

પચાસના દાયકા દરમ્યાન રાજકોટમાં કાર્યરત શ્રી હાટકેશ વ્યાયામ સંઘમાં સ્વાસ્થ્ય, સાહસિકતા ખેલદિલી અને સંસ્કારી ચારિત્રના તાલીમ પામેલા સેંકડો જ્ઞાતિબંધુઓનું આજે પણ સમાજમાં ઉન્નત મસ્તક છે અને તેનું શ્રેય હાટકેશ વ્યાયામ સંઘને આપી રહયા છે.

વડોદરામાં આ સભ્યો વિશેષ પ્રમાણમાં હોવાથી અવારનવાર એકત્ર થતા રહયા છે અને જીવન વિકાસની પ્રવૃત્તિઓ સહકાર ભાવે કરતા રહયા છે. તાજેતરમાં ૧૧ એપ્રિલના રોજ આ સંઘપ્રેમી ભાઈ-બહેનોનું ચોથું સંમેલન શ્રી શરતભાઈ બુચના નિવાસસ્થાને મળી ગયું. તેમાં સાત્વિક મનોરંજન તથા રમત ગમતનો આનંદ તો વહેંચાયોજ પરંતુ સાથે સાથે જેઓની દ્રષ્ટિ, નિષ્ઠા તથા શકિત સતત સક્રીય રહેલ અને આ હાટકેશ વ્યાયામ સંઘમાં જોડાયેલ સહુ કોઈનો સર્વતોમુખી વિકાસના પાયારૂપ સમૂહજીવનના શિલ્પીઓ શાંતિભાઈ ધોળકિયા તથા બે આજીવન સંસ્કાર શિક્ષકો હર્ષવંતભાઈ હાથી તથા મનહરભાઈ હાથીના સિધ્ધાંતો, વિચારો અને કાર્યકારણને પ્રવાહિત કરવા અને તે અંગેની પ્રવૃતિઓનું આયોજન કરવા એકબીજાએ કાર્ય કરવું અને તે માટે જરૂરી ભંડોળ એકત્ર કરવાનો વિચાર સાથે ઠરાવ રજૂ થયો અને સર્વાનુમતે તે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

જ્ઞાતિબંધુના વિશેષ યુવાનોના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શકિતના સર્વાંગી વિકાસને એટલે કે સંપૂર્ણ વ્યકિત વિકાસને અનુલક્ષીને પ્રવૃત્તિઓ કે જ્ઞાતિહિતની પ્રવૃત્તિ કરવાનું અને આ દરખાસ્ત જ્ઞાતિજનોના સૂચન અને પ્રતિભાવ માટે રજૂ કરવાનું પણ નકકી કરવામાં આવ્યું. તેમ સર્વશ્રી વિપીન બુચ-સનત વસાવડા-સતીષ વોરા તથા વડોદરા વ્યાયામવીરો વતી મળેલ યાદીમાં જણાવાયેલ છે.

સમસ્ત જ્ઞાતિજનો અને વિશેષ અગાઉ હાટકેશ વ્યાયામ સંઘ સાથે સંકળાયેલા બંધુઓને આ નિમિત્તે નીચેના સંઘના સભ્યોનો સંપર્ક કરી પોતાના પ્રતિભાવ, વિચારો, સૂચનો મોકલવા વિનંતી છે. જેના આધારે સમિતિ દ્વારા તેનો અમલ કરવામાં આવશે.

**વડોદરા** – સતીષ વોરા – ફોન : ૦૨૬૫-૨૩૦૭૨૨૫ મો. ૯૮૨૪૦ ૮૭૯૦૧- સનત વસાવડા – ફોન : ૦૨૬૫-૨૨૫૦૩૧૬ મો. ૯૪૨૬૩ ૮૬૯૨૧ **ગાંધીનગર** – અરૂણ બુચ – ફોન : ૦૭૯-૨૩૨૬૦૩૭૦ મો. ૯૮૨૫૦૧૮૧૩૪ **અમદાવાદ** – અનિલ માંકડ – ૦૭૯-૨૬૪૪૮૨૬૭ મો. ૯૮૨૫૪૩૩૦૨૦ **રાજકોટ** – રૂદ્રેશ બુચ-૦૨૮૧-૨૪૭૨૬૩૩/મો. ૯૭૧૨૩૪૨૮૦૭

આ પ્રવૃત્તિ ગુજરાત તેમજ અન્ય પ્રાંતના ગામેગામ ફેલાય તથા જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરે તેવા શુભહેતુથી વિચારેલ છે.

**સગપણ સગાઈ :**

– જૂનાગઢના ગૌરાંગ લલીતભાઈ ઓઝાનું સગપણ હીતાર્થી કમલેશભાઈ વસાવડા સાથે.

– રાજકોટ સ્થિત શ્રી મહેશ માંકડના પુત્ર હર્ષલનું સગપણ રાજકોટના શ્રી દિગેશ કે. માંકડનાં પુત્રી કાનન સાથે. – વલ્લભવિદ્યાનગર સ્થિત પંકજભાઈ ઓઝાના પુત્ર યશેષનું સગપણ મહુવા નિવાસી ચાંદની રસેન્દુભાઈ દેસાઈ સાથે. – વલ્લભવિદ્યાનગર સ્થિત પંકજભાઈ ઓઝાના પુત્રી સેજલનું સગપણ રાજકોટ સ્થિત મનદીપ ભૂપેન્દ્રભાઈ વસાવડા સાથે.

**શુભ લગ્નમ્ :** મૂળ ભુજના સ્વ. મહેશભાઈ દિલીપરાય માંકડનાં પુત્રી હિરવાના લગ્ન મુંબઈ સ્થિત ભારતેન્દુભાઈ મંકોડીના પુત્ર અસીમ સાથે.

દુનિયા 'મૂર્ખ' કહે તેની પરવા ન કરશો, પણ 'દુષ્ટ' ન કશે તેની તકેદારી ખાસ રાખજો.

## ડો. રાજસી દુર્ગેશ બુચ



અમદાવાદ સ્થિત શ્રી વામનરાય બુચનાં પૌત્રી અને અગ્રણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી દુર્ગેશ બુચનાં પુત્રી કુ. રાજસી જાન્યુઆરી ૨૦૧૦માં લેવાયેલ એમ.બી.બી.એસ. ફાઈનલમાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયાં. ઉચ્ચ કારકિર્દીની શુભકામના સહ અભિનંદન.

## ચિંતન વૈશ્નવ જીપીએસસી તથા જીસીએસમાં ઉત્તીર્ણ



જૂનાગઢના શ્રી હરીશભાઈ જયકરલાલ વૈશ્નવ અને શ્રીમતી મીનાબેન વૈશ્નવ (રશ્મિકાંત નાણાવટીનાં પુત્રી)ના પુત્ર ચિંતન વૈશ્નવે જીપીએસસી દ્વારા લેવામાં આવેલ વર્ગ-૧ અને ૨ની દરેક કસોટીમાંથી પસાર થઈ ૨૦૧૦માં મૌખિક કસોટીમાં ઉજ્જવળ સફળતા મેળવ્યા બાદ  તાજેતરમાં ગુજરાત સિવિલ સર્વિસ (GCS) વર્ગ-૨માં પણ સફળતા મેળવી. આમ નાની વયે સીધી ભરતી દ્વારા ગુજરાત સિવિલ સર્વિસમાં પણ સફળ થઈ જ્ઞાતિ અને કુટુંબને ગૌરવ બક્ષેલ છે. તેઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે 'જય કેરીઅર એકેડેમી' દ્વારા જ્ઞાતિના યુવાનોને વિનામૂલ્યે માર્ગદર્શન આપી રહયા છે.(સંપર્ક : ૯૪૨૬૨૨૫૮૯૮) ઉલ્લેખનીય છે કે ઈતરપ્રવૃત્તિઓ જેવી કે વકૃત્વ, કવીઝ, ક્રિકેટમાં પણ અગ્ર રહી તેમણે અનેક શીલ્ડ તથા ઈનામો મેળવેલ છે. અભિનંદન સાથે પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છા.

## વાર્તા સ્પર્ધામાં દીનાબેન પંડયાની કૃતિને પ્રથમ પારિતોષીક



સુરતની નર્મદ સાહિત્યસભા દ્વારા ૨૦૦૯થી શરૂ થયેલ સ્વ. કેતન મુનશી સ્મારક વાર્તા સ્પર્ધામાં અમદાવાદ સ્થિત દીનાબેન પંડયાએ તેમની 'ઓહવાટ' વાર્તા દ્વારા ૩૧૭ કૃતિઓમાંથી પ્રથમ પારિતોષીક મેળવ્યું. તા. ૭ માર્ચના રોજ સાહિત્ય સંગમ હોલ ખાતે યોજાયેલ સમારોહમાં તેઓને રૂા. ૨૫ હજારનો રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો સાથો સાથ સાહિત્ય સંગમ સંસ્થા દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિચિન્હ આપીને ઉચિત સન્માન પણ કરવામાં આવેલ.આ પ્રસંગે દીનાબેનની કૃતિનું પઠન કરવામાં આવતાં ઉપસ્થિત શ્રોતાગણ ઉપરાંત મંચસ્થ મહાનુભાવો શ્રી ભગવતીકુમાર શર્મા,નાનુભાઈ નાયક તથા રમેશભાઈ ઓઝાના પણ હૈયાના તાર ઝણઝણાવી મૂકેલ અને લેખિકાને વંદન કરેલ.

'વાંચે ગુજરાત' તો આજનું (માત્ર પ્રચાર !!) સૂત્ર છે, પણ નાગર તો હકીકતમાં વાંચવા- વંચાવવામાં જ નહીં લખવામાં આજે પણ અગ્રેસર છે તે પૂરવાર કરનાર દીનાબેન અભિનંદનના અધિકારી છે.

## ૫૦ વર્ષની વકીલાત બદલ શ્રી પ્રદ્યુમ્નભાઈ હાથી સન્માનિત



ગુજરાત હાઈકોર્ટ તથા એડવોકેટસ એસોસીએશનના સંયુકત ઉપક્રમે ૫૦ વર્ષની હાઈકોર્ટની સ્થાપનાના ઉજવણીના ભાગરૂપે તા. ૧૭-૪-૧૦ના રોજ હાઈકોર્ટના પટાંગણમાં યોજાયેલ સમારોહમાં ૫૦ વર્ષની વકીલાતનો વ્યવસાય પૂરો કરવા બદલ અનેક મહાનુભાવો તથા કુટુંબીજનોની હાજરીમાં શ્રી પ્રદ્યુમ્નભાઈ વામનરાય હાથીને સુપ્રીમ કોર્ટના જજના હસ્તે માનપત્ર સાથે શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા. આ અગાઉ તેઓના પિતાશ્રી વામનરાય હાથીનું પણ આવું સન્માન કરવામાં આવેલ.

ન્યાયક્ષેત્રની લાંબી કારકિર્દી બદલજ્ઞાતિ વતી અભિનંદન સહ શુભકામના પાઠવીએ.

મન, વચન અને કર્મથી પર્વતની જેમ સ્થિર બનો, દુનિયા તમારી પરિક્રમા કરશે.

**ન્યુજર્સી** તા 8 મે 2010 ના રોજ યુનાઇટેડ સ્ટેસ્ટ ઓફ અમેરીકા (યુ.એસ.એ) ના ન્યુજર્સી રાજ્ય માં આવેલ કરની (Kearny) ના વૈકુંઠ ધામ હિન્દુ મંદીરમાં દાદાના પાટ્ગટયોત્સવ નિમીત્તે નાગર ઓફ નોર્થ અમેરીકા (NONA) ના બેનર હેઠળ જ્ઞાતિજનોનું સ્નેહ મિલન યોજાઇ ગયું જેમાં ત્રિનેત્રેશ્ર્વર મહાદેવની સમક્ષ મંદીરના પુજારી શ્રી દ્વારા દાદાના પુજન - અર્ચન બાદ ગરમાગરમ ચ્હા, જલેબી, મેથીના ગોટા તથા બટેટા અને મરચાના ભજીયાનો આસ્વાદ માણતા રાજકોટ, જામનગર જુનાગઢ, અમદાવાદ, સુરત, વડોદરા પાટણ (ઉ.ગુ.) વિગેરે સ્થળોએથી આવી અમેરીકાના અલગ અલગ વિસ્તાર માં વસેલા જ્ઞાતિજનોએ એક બીજા સાથેનો પરિચય તાજો કર્યા બાદ NONAના પ'મુખ શ્રી હિમાન્શુભાઇ દેસાઇએ સ્વાગત પવચન માં NONAના કાર્યકરોની ઓળખ આપી, નોના ની કાર્યવાહિનો તથા મે માસ દરમ્યાન બાલટીમોર - મેરીલેન્ડ ખાતે યોજાયેલ પાટોત્સવનો વિસ્તૃત અહેવાલ આપ્યા બાદ શ્રી અવિનાશભાઇ વ્યાસ ની રચના માડી તારું કંકુ ખર્યુ શ્રીમતિ મોનાલીબેન બક્ષી ના કંઠે રજુ થતાની સાથે સાંસ્કૃતીક કાર્યક'મની શરુઆત થઇ. કાર્યક'મમાં રાજકોટ સ્થીત બરછી ના સક્રીય પ'તીનીધી શ્રી મધુકરભાઇ વૈષ્ણવના પુત્રી રીતીબેન જયદીપભાઇ નાણાવટી દંપત્તિ સહિત અબાલ વૃધ્ધોએ કાય'કમ આપ્યો જેમાં બાળ પતિભા પૈકી કુ. પાચી મંદાર દવે (ગુજરાતી હાસ્ય લેખક જ્યેતીન્દભાઇ દવે ના પૌત્રના પુત્રી)એ ભારતનાટયમ થકી કલા અને સંસ્કૃતી ને મંચ ઉપર જીવંત બનાવી કાર્યકમ સફળ બનાવ્યો,NONA વતી શ્રી હિમાન્શુભાઇએ આભારવિધી કરી. અંતે દાદા ના મહા પ'સાદ તરીકે શ્રીખંડ, પુરી, પાટવડી સહિતના ભોજન નો આસ્વાદ માણી જ્ઞાતિજનો સુંદર સંભારણુ લઇ છુટા પડેલ. જ્ઞાતિજનોના આ મિલન સમારંભમાં વડોદરા સ્થિત બરછી ના પતીનીધી પતીક અંજારીઆએનોના ના કાર્યકરોના સાથ સહકાર થી ઇ બરછી નાગ્રાહકોની નોંધણી કરેલ.

**નોંધ :** બરછીમાં આપ જ્યારે પણ આપના સંતાન માટે લગ્નવિષયક જાહેરાત આપવા ફોર્મ ભરી કાર્યાલયને સરનામે મોકલી આપશો.આ જાહેરાત બરછીના ગ્રાહકો માટે વિના મૂલ્યે પ્રકાશિત કરવામાં આવે છે. –તંત્રી.

## 'બરછી'-લગ્ન વિષયક જાહેરાતનું ફોર્મ

'બરછી'ના ગ્રાહક નંબર ____________ ફોન/મો. : ____________

જાહેરાત આપનારનું નામ : ____________

સરનામું: ____________

____________

____________

યુવક / યુવતીનું નામ : ____________

અભ્યાસ : ____________ વજન : ____________

મંગળ છે / નથી ગોત્ર : ____________ ઉંમર : ____________ જ.તા. ____________ ઊંચાઈ : ____________

નોકરી/વ્યવસાય : ____________

મોસાળ પક્ષ : ____________

અન્ય માહિતી : ____________

સુખ–આનંદ એવાં અત્તર છે તેને તમે જેટલાં વધારે પ્રમાણમાં બીજાને આપશો એટલી વધારે સુગંધ તમારા અંતરમાં ફેલાશે.

## નૃત્ય પારંગત પ્રાંજલિ દેસાઈ



અમદાવાદ ખાતે ધો. ૮માં અભ્યાસ કરતાં ચિ. પ્રાંજલિ ગૌરવ દેસાઈએ નૃત્યભારતી એકેડેમી ઓફ ડાન્સ (અમદાવાદ) દ્વારા પાંચ વર્ષનો ભરતનાટયમ્‌નો અભ્યાસ પૂર્ણ કરી માત્ર ૧૨ વર્ષની વયે 'માર્ગમ્'ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી બી. એ. ની પદવી પ્રાપ્ત કરી.અભિનંદન.

## 'પુષ્પ પતંગા' - હાઈકુ સંગ્રહ



જામનગર સ્થિત શ્રીમતી ડો. નંદીનીબેન જતીન ઝાલાને તેઓના પિતાશ્રી ભરતભાઈ મો. છાયાની ૭૫મી વર્ષગાંઠ પ્રસંગે કાયમી સંભારણુ બની રહે તેવી ભેટ આપવાનો વિચાર સ્ફૂર્યો...અને તેને મૂર્તિમંત કર્યો...ભરતભાઈએ ૧૯૬૯થી રચેલ હાઈકુ સંગ્રહ -'પુષ્પ પતંગા' નામક પુસ્તિકા પ્રકાશિત કરાવી ભેટ રૂપે આપીને ! અને આ રીતે પુત્રીપ્રેમે પિતાશ્રીના હાઈકૂને સમાજને વંચાવવાનો પ્રયાસ કર્યો છે. ૨૫ પાનાની આ પુસ્તિકાનું આવરણ અને છપાઈ આકર્ષક છે. પ્રાપ્તિ સ્થાન : ભરતભાઈ છાયા, ૧૧ પટેલ કોલોની, ૮-યુગશકિત એપાર્ટમેન્ટ,જામનગર.

શ્રી ભરતભાઈ છાયાનો વિસ્તૃત પરિચય આ પુસ્તિકામાંથી મળશે છતાં ટૂંકમાં નોંધ લઈએ. તેઓની ૧૯૩૪થી અત્યાર સુધીની ૭૫ વર્ષની જીવનયાત્રામાં મુંદ્રામાં શિક્ષણ મેળવ્યું, જે દરમ્યાન હસ્ત લિખીત અંકો પ્રસિધ્ધ કર્યા. કોલેજકાળમાં નાટય, મુશાયરા, ચિત્ર પ્રવૃત્તી જારી રાખી. કલાનિકેતન સંસ્થા સ્થાપી. પીટીસી કોલેજમાં અધ્યાપક થયા. આફ્રિકાના એડીસઅબાબાની શાળામાં પ્રિન્સીપાલ તરીકે પણ જઈ આવ્યા. ફરી કચ્છમાં આવી એમ. એ. બાદ પી.એચડી. થયા. ભુજ આકાશવાણીમાં ભાષાકીય વાર્તાલાપો આપ્યા. કચ્છની ઉ.મા. શાળાના આચાર્ય તરીકે નિવૃત્ત થયા.

## અનંતના યાત્રીઓ :

☐ મૂળ માંગરોળના રાજકોટના જ્ઞાતિગોર શ્રી રમેશભાઈ આચાર્યના પત્ની અ. સૌ. માલવિકાબેન આચાર્યનું અવસાન.

☐ જન્મજય હરીકાંતભાઈ માંકડનું ૪૪ વર્ષની વયે વડોદરા ખાતે.

☐ કિશોરીબેન અનિરૂધ્ધભાઈ કચ્છીનું ૮૨ વર્ષની વયે જૂનાગઢ ખાતે અવસાન.

☐ વિનોદબેન ધનસુખલાલ વસાવડાનું ૯૧ વર્ષની વયે રાજકોટ ખાતે અવસાન.

☐ શ્રીમતી અમીબેન ચેતનભાઈ ધોળકિયાનું ૪૪ વર્ષની વયે વડોદરા ખાતે અવસાન.

☐ શ્રી તુષારભાઈ અનસુખલાલ બુચનું ૬૪ વર્ષની વયે વડોદરા ખાતે અવસાન.

☐ ગાંધીનગર સ્થિત જ્વલંત મૃગેન્દ્રભાઈ ઓઝાનું આકસ્મિક નિધન.

☐ શ્રીમતી પૂર્ણાબેન સુધાકરભાઈ વૈશ્નવનું ઉમરગાંવ ખાતે અવસાન.

## ઋણ સ્વીકાર

**તાપ, પાપ, સંતાપ નિવારણું, અભે ભરણું**
**'મા' અમી ઝરણું, શાશ્વત સુખ શરણું.**

અમારા માતુશ્રી **અ. સૌ. માલવિકાબ્હેન**



તા. ૧૭-૪-૨૦૧૦ના રોજ ઈશ્વરસ્થ થયાં. જન્મ પછી મરણ તરફ જવું એ એક ખંડ માંથી બીજા ખંડમાં જવા જેવી વાત છે. દુઃખમાં માણસ આશ્વાસન પોતપોતાની રીતે લે છે. પણ અમારા ભકિત પારાયણ માતુશ્રીનાં દેહાવસાને સૌ કુટુંબીજનો, સ્વજનો, હાટકેશજનો, આપ્તજનોનાં વિશાળ સમૂહના સધિયારાએ અમોને હિંમત બક્ષી છે.

**જીવન સત્ય છે તો મૃત્યુ મહાસત્ય છે.**
**મરણ આઘાત ચિન્હ છે અને મોટું પૂર્ણવિરામ છે...**

આપ સૌની હૂંફે અમે જીવી જઈશું.

**દિવ્યાન્સુ અજય ભરત**
**રમેશભાઈ આણંદલાલ આચાર્ય**
'કનકાઈ કૃપા' ૯/૧૩ જંકશન પ્લોટ, રાજકોટ-૧.

ઈશ્વરે આપેલી શકિત વાપર્યા વગર ઈશ્વર પાસે મદદ માંગવાનો કો અધિકાર નથી.

સુખ-આનંદ એવાં અત્તર છે તેને તમે જેટલાં વધારે પ્રમાણમાં બીજાને આપશો એટલી વધારે સુગંધ તમારા અંતરમાં ફેલાશે.

# પ્રેરણાનું પરબ – તરૂણબાળાબેન દેસાઈ



આજે એક એવી મહિલાની વાત કરવાની છે કે જે માત્ર જ્ઞાતિનું જ નહીં પરંતુ ગુજરાત અને દેશનું પણ ગૌરવ છે. સ્ત્રી શકિતની એવી મીશાલ છે કે ૭૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલ કોઈપણ વ્યકિત વિચારે કે હવે આપણે કયાં ઝાઝું જીવવું છે ? હવે શીખીને શું કરવું છે ? પરંતુ આ વાત ૭૦ વટાવ્યા પછી ભરપૂર આત્મવિશ્વાસ, જોમ અને જુસ્સાભેર નવી સફરની શરૂઆત કરનાર ભાવનગરના વરિષ્ઠ મહિલા શ્રી તરૂણબાળાબેન કૃષ્ણકાન્ત ભાઈ દેસાઈની છે...આવો, હવે તેઓના જુસ્સાને જાણીએ અને માણીએ...

ઈન્ટરનેશનલ વેટરન્સ એથલેટીકસમાં છેલ્લાં સાત વર્ષથી સતત ચેમ્પીયન થઈ અનેક રમતોમાં ગોલ્ડ અને સિલ્વર મેડલો મેળવ્યા છે. તાજેતરમાં જ એટલે કે જાન્યુઆરી–૨૦૧૦માં ૭૮ વર્ષની વયે પૂના ખાતે આંતરરાષ્ટ્રિય સ્તરે યોજાયેલ ૨૦૦ મીટર દોડમાં ગોલ્ડ અને ૧૦૦ મીટરમાં સિલ્વર મેડલ મેળવી જ્વલંત સિદ્ધિ હાંસલ કરી છે.

એસએસસી તે વખતના મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો. નાનપણથી જ કાંઈક કરવાની ધગશ અને તમન્ના તો હતીજ પરંતુ નાની ઉંમરમાં લગ્ન થઈ જવાને કારણે ગૃહસ્થ જીવનમાં પરોવાઈ ગયાં. છતાં મ્યુનિસીપલ કાઉન્સીલરની ચૂંટણીમાં ઝંપલાવ્યુ અને ચૂંટાયાં પણ ખરાં ! સાથો સાથ સ્ત્રીનિકેતન,મહિલા સમાજ, શિશુવિહાર સાથે પણ જોડાયેલાં રહયાં. વધુ પડતી વ્યસ્તતા માટે પતિનો ઠપકો પણ સાંભળ્યો.

૧૯૯૪માં પતિના સ્વર્ગવાસ પછી દશ વર્ષ સુધી ધર્મધ્યાન અને પ્રભુભકિતમાં લીન રહયાં પોતાની એકલતા દૂર કરવા સતત પ્રયત્નો કર્યા પણ નાનપણથી કંઈક વિશેષ કરવાનો માંહ્યલામાં થનગનાટ હતો તેને દિશા મળતી નહોતી. એકવખત છાપામાં સિનિયર સીટીઝન્સ માટે વેટરન્સ એથલેટીકસની જાહેરાત વાંચી અને નવો રાહ મળી ગયો અને જીવનનો માર્ગ બદલાઈ ગયો. તરૂણ બાળાબેને ૨૦૦૪માં સૌ પ્રથમ રાજકોટમાં ૫૦૦૦ મેરેથોનમાં ભાગ લીધો અને તેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. તેઓને ગુરૂમંત્ર જીવનમાં બરાબર ઉતર્યો, 'મારાથી થશે જ,હિંમતભેર ડગ માંડીશ,મક્કમ નિર્ધાર કે સ્પર્ધામાં ઉતરવું હોય તો ગોલ્ડ લઈને જ આવવું. આ ગુરૂમંત્ર સાથે ૦૪થી ૧૦ સુધીમાં પચ્ચીસેક ગોલ્ડ, ૧૦ થી ૧૨ સિલ્વર અને અનેક બ્રોન્ઝ મેડલો ઘરના કબાટમાં તેના પૂરાવા રૂપ છે. આ વણથંભી દોડમાં પોંડીચેરી, લખનૌ, કલકતા,પૂના ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાએ મલેશીયા પણ જઈ આવ્યાં. જ્યાં તેઓને બધાં 'ઈન્ડયન બા' કહેતાં. પરંતુ અફસોસ કે વિદેશમાં તેમને એટલું બહુમાન મળ્યું છે કે આપણા દેશને એક ખૂણે આવું મહિલારત્ન આપણા દેશની જડતા માટે નિશાસા નાખે છે આ વાત કરતાં તેમની અને મારી આંખ પણ ભીંજાય ગઈ. જો કે આવાં કેટલાંય રત્નો (ભોગવાદી નેતાઓના) દેશની સરકારને (કારણે) ઠેબે ચડતાં હશે, તે તો ભગવાન જાણે !!

લખનૌના એક હિન્દી સાપ્તાહિક મેગેઝીન'વનિતા' (નારી)માં છપાયેલ સ્ત્રીશકિતના એક લેખમાં સમગ્ર વિશ્વની બેજ મહિલાને સલામ કરવામાં આવી છે એક છે અમેરીકાના પ્રમુખના પત્નિ શ્રીમતી મિશેલ ઓબામા અને બીજાં આપણા આ 'ગોલ્ડન વુમન' તરૂણબાળાબેન દેસાઈ.

આત્મવિશ્વાસ, દ્રઢનિર્ધાર અને પુરૂષાર્થ પાસે ઉંમર, સ્થળ,કાળ કે સંજોગો કંઈ જ નડતરરૂપ નથી બનતું તેવી શીખ આપનાર તરૂણાબેન માને છે કે દરેક બાળકનો પહેલો શિક્ષક તેની માતા છે. આંતરીક અને બાહય વિકાસ માટે દરેક બાળકોને રમતો રમતાં શીખવું / શીખવવું જોઈએ.

આવાં પ્રેરણાના પરબ સમાન તરોતાજાં નારી તરૂણબાળાબેન આપણા સૌના વંદનના અધિકારી છે.

(ભાવનગરના રેખાબેન ઓઝાએ લીધેલ મુલાકાતના આધારે સાભાર)

સ્વમાન સહુને વ્હાલું હોય છે, બને ત્યાં સુધી કોઈના સ્વમાન પર હુમલો ન કરશો.

# ----- લગ્ન વિષયક જાહેરાત -----

(આપ નીચેના કોઈપણ પાત્રોના ફોન નંબર મળેવવા માંગો છો ? તો બોલપેન અને કાગળ તૈયાર રાખી સવારે ૧૦ થી ૧૧ અથવા રાત્રે ૮ થી ૯ વચ્ચે ફોન નંબર ૦૨૮૧-૨૪૫૩૦૬૩ જોડો. આપના સંતાન માટે લ. વિ. જાહેરાત આપવા ઈચ્છતા હો તો અગાઉ છપાયેલ ફોર્મ ભરીને અથવા બાયોડેટા કાર્યાલયે મોકલી આપશો. સગાઈ થઈ જાય તો જે માસમાં જાહેરાત આપેલ હોય તેના જે તે ક્રમ નંબર રદ કરવા જાણ કરવા વિનંતી છે. અમારો સમય સામેનાનો સમય અને ફોન ખર્ચ બચશે.-તંત્રી)

(૧) સી.એ., આઈસીડબલ્યુએ., જ. ૧/૮૪ ૫'.૧૦" ઉંચાઈના ઓસ્ટ્રેલીયા ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૨) બી.એસ.સી.,એમએલટી., જ. ૭/૧૯૮૫ ૧૫૫ સે. મી. ઉંચાઈ, સિનિયર ડાયેટીશ્યન તરીકે નોકરી કરતી કૌંડીયસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૩) એમ.એસ.સી.,(બાયોઇન્ફોટેક), જ. ૧૨/૧૯૮૬, ૫'.૩" ઉંચાઈ, ફાર્મા કંપનીમાં નોકરી કરતી કાસ્યપસ ગોત્રની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૪) બી. કોમ, બી.એડ,પીજીડીસીએ., જ. ૧૧/૧૯૮૩, ૫'.૩" ઉંચાઈ, 'ટીચર' તરીકે નોકરી કરતી (નિર્દોષ મંગળ) કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૫-

(૫) બેચલર ઓફ ફિઝીયોથેરાપી, જ. ૧૦/૧૯૮૭, ૫'.૩" ઉંચાઈ, સ્વતંત્ર પ્રેકટીસ કરતી ગાંગ્યાનસ ગોત્રની કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૮૫-

(૬) ડીપ્લોમા મીકે. એન્જીનીયર, જ. ૩/૧૯૭૯, ૫'.૧૦" ઉંચાઈ, ટાટા ટેલીસર્વિસ લી.માં આસી. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૭) ડીએમઈ, (મીકે. એન્જી.) જ. ૧૨/૭૩, ૫'.૮" ઉંચાઈના નોકરી કરતા, નિર્દોષ છૂટાછેડા લીધેલ ગાંગ્યાનસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૮) બી.ઇ., એમબીએ., જ. ૪/૭૭, ૫'.૫" ઉંચાઈ લેકચરર તરીકે નોકરી કરતી ગાંગ્યાનસ ગોત્રની યુવતીને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૯) એમ.કોમ.,જ. ૬/૧૯૮૭, ૫'.૨" ઉંચાઈની કૌંડીયાસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૧૦) બી.કોમ., પીજીડી., એમબીએ.(ચાલુ) જ. ૫/૧૯૮૬, ૫' ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૧૧) બીએએમએસ., જ. ૩/૭૮, ૫'.૩" ઉંચાઈની, શાર્કરાક્ષ ગોત્રની,મેડીકલ પ્રોફેશનલ યુવતીને યુવક સંપર્ક : ૦૨૮૫-

(૧૨) બી.કોમ., જ. ૧૧/૮૩ ૫'.૯" ઉંચાઈના પ્રા. બેંકમાં નોકરી કરતા ગૌતમસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૩) એમ.એ.,(પા.-૧)પીજીડીસીએ.,જ. ૧૦/૧૯૭૮, ૫.'૪" ઉંચાઈની નોકરી કરતી, કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૮૩૨-

માનવીની પ્રથમ પરીક્ષા તેની નમ્રતા છે.

# શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ

## સમસ્ત વડનગરા નાગર જ્ઞાતિનું પ્રતિનિધિત્વ ધરાવતી એકમાત્ર સંસ્થા

**શાળા શિષ્યવૃત્તિ / ઉચ્ચ વિદ્યાભ્યાસ શિષ્યવૃત્તિ / પારિતોષીક મેળવવા માટેનું અરજીપત્રક**

**(યોગ્ય હોય તે √ કરો – બન્ને માટે અરજી કરી હોય તો બન્નેમાં √ કરો. લાગુ પડતાં દરેક કોલમ ભરવા જરૂરી છે. ફોર્મ સાથે જ જરૂરી દસ્તાવેજો જોડીને મોકલવાના રહેશે.)**

| શિષ્યવૃત્તિ | પારિતોષીક | બન્ને |
|---|---|---|
| | | |

**અગત્યની સૂચના : અરજીપત્રક ટપાલથી / કુરીયરથી કે રૂબરૂ માત્ર ઉપરોકત સરનામા પર જ મોકલવા ખાસ વિનંતી છે.**

**અરજીપત્રક મોકલવાનું સરનામું :**
**જીજ્ઞાશાબેન માંકડ**
રૂમ નં. ૪ ત્રીજો માળ, ધીરજ બીલ્ડીંગ,
નાગરદાસ રોડ, જૈન હોસ્પિ. પાસે,
અંધેરી (ઇ) **મુંબઈ – ૪૦૦ ૦૬૯**
**મો. ૦૯૮૨૦૭ ૧૪૩૫૨**

**(યોગ્ય કૌંસમાં √ કરો)**

| ચાલુ અભ્યાસની વિગત | અરજી મોકલવાની આખરી તારીખ | છેલ્લી પરીક્ષાની વિગત |
|---|---|---|
| | શાળા શિષ્યવૃતિ **૩૦ જૂન**<br>ઉચ્ચ કેળવણી / પારિતોષિક / શિષ્યવૃતિ **૩૧ ઓગષ્ટ** | પરીક્ષા :<br>ટકા : |

૧) વિદ્યાર્થીનું નામ : ______

૨) પિતા/વાલીનું પુરૂં નામ : ______

૩) સરનામું : ______

______

પીન કોડ : ______ ફોન નંબર : ______ ઈ-મેઈલ : ______

૪) જાતિ : સ્ત્રી/પુરુષ ૫) જન્મ તારીખ: જન્મ સ્થળ : મૂળ વતન :

૬) ચાલુ અભ્યાસ : ૭) પસાર કરેલ પરીક્ષા :

૮) પસાર કરેલ પરીક્ષામાં મળેલ ગુણાંક (સર્ટીફાઈડ ટ્રુ કોપી સાથે મોકલવી) :

૯)

| વિદ્યાર્થીનો વાલી સાથેનો સંબંધ | પિતા/વાલીની વાર્ષિક આવક | ધંધો/ વ્યવસાય | કુટુંબીજનો ની સંખ્યા | અન્ય કમાતા કુટુંબીજનોની વા.આ. | કુલ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|
| | | | | | |

**૧૦) ચાલુ વિદ્યાભ્યાસની વિશેષ માહિતી :**

| સ્નાતક/ડિપ્લોમા સર્ટીફિકેટ-કુલ વર્ષ | અનુસ્નાતકના કુલ વર્ષ | વાર્ષિક ફી | પરીક્ષા ફી | દાખલ ફી | અન્ય ફી | કુલ વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |

**૧૧) છેલ્લી પાસ કરેલ પરીક્ષાની વિગત :**

| પરીક્ષા | પાસ કર્યાની તારીખ | પ્રયાસ પ્રથમ/દ્વિતીય | મેળવેલ ગુણ | કુલ ગુણ | % ટકા | સંસ્થા / બોર્ડ યુનિ.નું નામ) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**૧૨)** પૂરી વિગત લખવી જરૂરી છે. જેમ કે વાણિજય, વિજ્ઞાન,વિનયન,અન્ય જે હોય તે. છેલ્લા વર્ષના/ છેલ્લા ૨ સેમેસ્ટરના ગુણાંકના પ્રમાણિત પ્રમાણપત્ર મોકલવી જરૂરી.

અનુસ્તાતક : પેપર્સ દ્વારા યા રિસર્ચ દ્વારા થયેલ છો / થવા ઈચ્છો છો તે જણાવવું જરૂરી છે. પેપર :_____ રિસર્ચ : _____

**૧૩)** ગત વર્ષે શિષ્યવૃતિ શ્રી મંડળ પાસેથી મળી છે ? હા / ના .મળેલ શિષ્યવૃતિની રકમ રૂા._____________

**૧૪)** અન્ય શિષ્યવૃતિ મળી હોય છે ? હા /ના સંસ્થાનું નામ :______________ શિષ્યવૃતિની રકમ :_________

**અગત્યનું :**

**નીચેના પ્રમાણિત પ્રમાણપત્રો (સર્ટીફાઈડ ટ્રુ કોપી ) મોકલવા જરૂરી છે.**

અ) જે શાળા / કોલેજ / સંસ્થા / વિશ્વવિદ્યાલયમાં વિદ્યાભ્યાસ ચાલુ હોય તેના પ્રિન્સીપાલ યા અધિકૃત અધિકારીનું " અભ્યાસ ચાલુ છે" તેમ દર્શાવતું પ્રમાણપત્ર.

બ) છેલ્લામાં છેલ્લી જે કક્ષાની / વર્ષની પરીક્ષા પાસ કરી હોય તે પરીક્ષાની પ્રમાણિત માર્કશીટ

ક) જો માર્કશીટ બંને બાજુ છાપેલ હોય તો તેની બંને બાજુ ઝેરોક્ષ કરાવવી જરૂરી છે.તેમ નહી થાય તો તે માર્કશીટ ધ્યાનમાં લેવાશે નહીં.

ડ) શિષ્યવૃતિ માટેના અરજદાર / પિતા / વાલીની આવકનું પ્રમાણિત પ્રમાણપત્ર અને અથવા છેલ્લામાં છેલ્લા ઈન્કમટેક્ષ એસેસમેન્ટ ઓર્ડરની પ્રમાણિત નકલ મોકલવી આવશ્યક છે. આવકના પ્રમાણપત્ર વગરની અરજી ધ્યાનમાં લેવાશે નહીં.

ઈ) તમામ પ્રમાણપત્રો ઉપરના ક્રમાંકમાં ગોઠવીને અરજીપત્રક સાથે સ્ટેપલ કરવા જરૂરી છે તેમ નહિ થાય તો અરજી અધૂરી છે તેમ ગણવામાં આવશે.

**નિયમો :**

૧. શિષ્યવૃતિ/પારિતોષીક માટેની અરજી શ્રી મંડળના નિયત ફોર્મમાં સમયસર, નિયત સરનામા પર મોકલવાની રહેશે.

૨. અધુરી વિગતવાળી, અધુરા પ્રમાણપત્રોવાળી યા આખરી તારીખ પછી મળેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

૩. કોઈપણ વડનગરા નાગર/નાગર બ્રાહ્મણ વિદ્યાર્થી/વિદ્યાર્થીની શિષ્યવૃતિ/પારિતોષીક માટે અરજી કરી શકે છે.કોઇપણ વ.ના.કન્યા જ્ઞાતિ બહાર લગ્નગ્રંથીથી જોડાય તો તે તથા તેના સંતાનો અરજી કરવા પાત્ર નથી.

૪. શિષ્યવૃતિ ચાલુ રાખવા માટે દરેક વર્ષે નવી અરજી, નવા પ્રમાણપત્રો સાથે કરવાની રહેશે. ૫૦% થી ઓછા ગુણ મેળ વનારને શિષ્યવૃતિ આપવામાં આવતી નથી.

૫. વિદ્યાર્થી/વિદ્યાર્થીની તેમની શાળા/કોલેજ/વિશ્વવિદ્યાલયની પરીક્ષામાં મેળવેલ ગુણાંક તથા તેમની/પિતા/વાલીની વાર્ષિક આવક સંયુકત રીતે ધ્યાનમાં લઈ શિષ્યવૃતિ એનાયત કરવામાં આવે છે.

૬. ધોરણ ૮-૯-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીની શાળા શિષ્યવૃતિ માટે અરજી કરી શકે છે. ૧૦મું ધોરણ પાસ કર્યા બાદ વિદ્યાર્થી આગળ કોઈપણ વિદ્યાભ્યાસ માટે ઉચ્ચ કેળવણી શિષ્યવૃતિ મેળવવા અરજી કરી શકે છે.

૭. શિષ્યવૃતિ બાબતનો આખરી નિર્ણય, શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈની વ્યવસ્થાપક સમિતિનો રહેશે. અને તે અરજી કરનારને બંધનકર્તા રહેશે. આની ઉપર ચર્ચા કે પત્રવ્યવહાર કરવામાં આવશે નહી.

૮. પારિતોષીક મેળવેલ ગુણ (મેરીટસ) ઉપર જ આપવામાં આવે છે, તે માટે આવકનું પ્રમાણપત્ર મોકલવાનું રહેતું નથી.

**(સૌજન્ય : શ્રી વ. ના. મંડળ, મુંબઈ)**

પ્રમુખશ્રી,

આથી હું જવાબદારીપૂર્વક લખી જણાવું છું કે હું વડનગરા નાગર/ વડનગરા બ્રાહ્મણ વિદ્યાર્થી છું. ઉપર જણાવેલ વિદ્યાભ્યાસ માટે શિષ્યવૃતિ જોઈએ છે. તેને માટે અરજી કરું છું. મારા વિશેની ઉપર જણાવેલી માહિતી સાચી છે.શ્રી મંડળની શિષ્યવૃતિના નિયમો મેં વાંચ્યા છે અને મને તે બંધનકર્તા છે.

તારીખ :---------------  સ્થળ :----------------

--------------------  --------------------

પિતા / વાલીની સહી  વિદ્યાર્થીની સહી

## FOR OFFICE USE ONLY

| ફોર્મ મેળવનારની સહી / તારીખ | રજી./કોમ્પ્યુ. રેકોર્ડ નં. | શિષ્યવૃતિ/પારિ. આપ્યાની વિગત | શૈક્ષણિક સમિતિના ચેરમેનની સહી | પ્રમુખની સહી | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| | | | | | |

## શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ

સંસ્થાની યાદી જણાવે છે કે શ્રી મંડળ તરફથી પ્રતિવર્ષ મળતાં શિષ્યવૃત્તિ પારિતોષીક માટે જરૂરી સુધારા વધારા સાથે નવાં અરજીપત્રક તૈયાર કરવામાં આવેલ છે. **ચાલુ વર્ષે ઉપરોક્ત નવાં અરજીપત્રક માંજ અરજી મોકલવાની રહેશે.** નીચે મુજબના સેવાર્થી જ્ઞાતિજનો પાસેથી અરજીપત્રક મેળવી શકાશે.જે ફોર્મમાં દર્શાવેલ સ્થળે જ, નિયત તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

**જામનગર :** શ્રી દેવેન્દ્રભાઈ જે. રીંડાણી – ૨૭૫૧૪૧૩ – શ્રી ગુણવંતરાય ઝાલા – ૨૬૬૮૮૫૧

**રાજકોટ :** બરછી કાર્યાલય – ૨૪૫૩૦૬૩ **જૂનાગઢ :** નીરજ વૈશ્નવ ૨૬૨૨૭૨૨

**ભૂજ :** શ્રી પરિમલભાઈ ધોળકિયા – ૨૫૬૩૦૬

**અમદાવાદ :** શ્રી નિલકંઠભાઇ ધોળકિયા – ૨૬૬૦૩૯૮૪

શ્રી સિધ્ધાર્થભાઇ મહેતા – ૯૩૨૭૯૭૪૯૮૬

**ગાંધીનગર :** શ્રી નિલેન્દુભાઇ વોરા ૨૩૨૩૩૪૪૨

**વડોદરા :** શ્રી સુર્યકાંતભાઈ વૈષ્ણવ ૨૩૫૫૮૭૦

**સુરત :** શ્રી મયુરભાઈ માંકડ ૨૭૪૭૦૩૧

**ભાવનગર :** શ્રી સાગર વ્હોરા ૯૪૨૬૨૩૯૫૯૬

**( સૂચના : ફોર્મના પાના જુદાં પાડી સંસ્થાના આગળ દર્શાવેલ સરનામે જ મોકલવાના રહેશે. )**

**(સૌજન્ય : શ્રી વ. ના. મંડળ, મુંબઈ)**

## વેબ બરછીના ગ્રાહકોનું સ્વાગત....જાહેર આભાર...

હંમેશા નિસ્વાર્થ ભાવથી જ્ઞાતિહિતની દરેક પ્રવૃત્તિમાં સેવા માટે તત્પર રહેનારા વડોદરા ખાતે બરછીને પ્રતિનિધી તરીકે સેવા આપી રહેલ શ્રી પ્રતીક અંજારીયા તથા તેઓના પિતાશ્રી અશોકભાઈ અંજારીયા હાલમાં પરદેશ (યુએસએ)ના પ્રવાસે છે. તેઓએ 'વેબ બરછી'ના ઉત્તેજન અર્થે પરદેશના ગ્રાહકો નોંધવા સાથે ત્યાંના સમાચારો પણ મોકલી બરછીને વૈશ્વિક સ્થાન અપાવવામાં મૂલ્યવાન સહકાર આપેલ છે અને અમારા ઉત્સાહમાં વધારો કરેલ છે, જે બદલ અમે તેઓના ઋણી છીએ. સાથો સાથ સમયની સાથે કદમ મિલાવી 'વેબ બરછી પરિવાર'માં જોડાયેલ નવા સભ્યોના સ્વાગત સાથે તેઓના પણ અમે આભારી છીએ. શ્રી પ્રતીક અંજારીયા દ્વારા નોંધાયેલ ગ્રાહકોને ટૂંક સમયમાં પોતાનો પાસવર્ડ અને પાકી પહોંચ મળી જશે અને જે તારીખથી નોંધાયા હશે ત્યારથી વેબસાઈટ ઉપર નિયમીત એક વર્ષ 'કલમ કડછી બરછી'વાંચી શકશે અને પોતાના સંતાનો માટે લગ્નવિષયક જાહેરાતનો લાભ લઈ શકશે/જાહેરાત આપી પણ શકશે. આપનો સમાચાર સહકાર પણ ઈચ્છીએ છીએ...આપ ઈ-મેઈલથી આપના સમાચારો મોકલી શકે છે. -વિરેન ધોળકિયા -તંત્રી.

**વડોદરા ખાતેની NIS એકેડેમી રીલાયન્સ અનીલ અંબાણી ગ્રુપની મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ**ને સમગ્ર ભારતભરમાં મોડેલ સેન્ટર તરીકેનો અવોર્ડ પ્રથમ વર્ષે જ પ્રાપ્ત થયેલ છે. જે સંસ્થાના વડા તરીકે દીપકભાઈ શાંતિરાય વૈશ્નવ નિવૃત્તી બાદ સેવા આપી રહયા છે. ભારતભરની સંસ્થાના વડા શ્રી મનોજ ચાવલાની ઉપસ્થિતિમાં યોજાયેલ એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ અવોર્ડ એનાયત કરવામાં આવ્યો. અહીં **એમ.બી.એ., બી.બી.એ.ના ડીગ્રી કોર્ષ નિયમીત રીતે ચલાવવામાં આવી રહયા છે.** અભ્યાસક્રમ/એડમીશનની માહિતી માટે જ્ઞાતિજનો શ્રી દીપકભાઈ વૈશ્નવનો મો. ૯૦૯૯૭૦૭૧૧૧ ઉપર સંપર્ક કરી શકે છે.


॥ જય હાટકેશ ॥

આપનો પ્રવાસ સુખદ બનાવવા ઉત્સુક છે....

**'દેવ ઈન્ટરનેશનલ'**

❖ રેલ્વે બુકીંગ (IRCTC AUTHO. AGENT)
❖ એર બુકીંગ ❖ કાર હાયર
❖ હોટેલ બુકીંગ ❖ આપના બજેટ પ્રમાણે ટૂર પેકેજ પણ ગોઠવી આપીશું...
(૨,૪,૬,૧૦ કે તેથી વધુ વ્યકિતઓ માટે)

અમદાવાદના જ્ઞાતિબંધુઓને રેલ્વે તેમજ એર ટીકીટની 'ફ્રી હોમડીલીવરી'ની વિશેષ સુવિધા.

સંપર્ક કરો :
(079) L/L 30152603..M. 9374471003

**દેવ ઈન્ટરનેશનલ**

પાર્શ્વનાથ ટાવર્સ, સુભાષ ચોક, ગુરૂકુળ, અમદાવાદ.